## વાત ગાંધીનગરની

ઉકળાટ અને વરસાદની વચ્ચે શુક્રવાર નગરજનોએ પસાર કર્યો. જો કે બપોર બાદ કર્મયોગીઓ વીક એન્ડના મુડમાં આવી ગયા હતા.

**ઘોડા છૂટ્યા પછી તબેલાંને તાળાં મરાયા...**

ગાંધીનગર જિલ્લાના પલીયડ ગામે સવારે પાટોત્સવ નિમિત્તે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમમાં પાંચ હજારથી વધુ ભાવિકોની ડી.જે. સાથેની શોભાયાત્રા નીકળતા સોશીયલ ડીસ્ટન્સ અને માસ્કના નિયમના લીરેલીરા ઉડી ગયા હતા. પાટનગરથી માંડ ૨૫ કિ.મી.ના અંતરે આવેલ પલીયડ ગામે આટલો મોટો પ્રસંગ હોવા છતાં વહીવટીતંત્ર કે પોલીસતંત્ર કોઈની પાસે માહિતી નહોતી. એટલુ જ નહી આસપાસના ગામના તલાટી કે પીએસઆઈએ આંખ આડા કાન કર્યા કે જાણકારી બહાર હતુ તે હજી સમજાતુ નથી. એક ન્યૂઝ ચેનલે જીવંત પ્રસારણ કરતા તંત્ર દોડતુ થયુ હતુ અને અટકાયતી પગલાં લેવાયા હતા પણ ઘોડા છૂટી ગયા પછી તબેલાંને તાળા મારવો જેવો ઘાટ થયો.

**આરોગ્ય વિભાગ સામે તબીબોએ મોરચો માંડ્યો...**

છેલ્લા બે દિવસથી લાઈફ સેવર ઈન્જેક્શન ટોસીલીઝુમેબનો વિવાદ ઘેરો બન્યો છે. આરોગ્યવિભાગના અગ્ર સચિવે મીડિયા સાથેની વાતચીતમાં ટોસીલીઝુમેબનો ખાનગી તબીબો ખૂબ જ ઉપયોગ કરે છે અને એની આડ અસરો થાય છે એવુ જણાવતા રાજયભરના તબીબો લાલઘૂમ થયા છે. અમદાવાદ મેડિકલ એસોસીએશને તો આરોગ્ય વિભાગના અગ્ર સચિવને નિવેદન પાછુ ખેંચવા માંગણી કરી છે અને વધુમાં તેમને ટોસીલીઝુમેબનો જથ્થો ઓછો હોવાનો સ્વીકાર કરવાના બદલે તબીબો પર આક્ષેપ કર્યા છે એ કમનસીબ છે.

**આંકડા ઘટાડવા દબાણ**

કોરોના સંક્રમણના આંકડા રોજેરોજ વધતા જિલ્લાનું આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર ભારે હરકતમાં મુકાયુ છે. પોઝીટીવ કેસની સંખ્યા ઓછી બતાવવા સરકારી-બીન સરકારી લેબોરેટરીઓને પરોક્ષ રીતે દબાણ કરાય છે અને કેટલાક સ્થાને તો ધમકી કે ચીમકીની ભાષાનો ઉપયોગ થાય છે પણ તંત્ર એ સમજતુ નથી કે આંકડા બદલવાથી પરિસ્થિતિ નથી બદલાવવાની ઉલ્ટાનુ એક દિવસ વિકરાળ સ્વરૂપ ધારણ કરશે ત્યારે પરિસ્થિતિ હાથની બહાર જતી રહેશે.

**મુખ્યમંત્રી સોમનાથ દાદાના શરણે**

રાજયના મુખ્યમંત્રી સાંજે ગાંધીનગર હેલીપેડ પરથી સોમનાથ દાદાના દર્શને જવા રવાના થયા છે. આજે રાત્રી રોકાણ સોમનાથ મંદિરમાં જ કરશે અને સવારે મંગળા આરતીમાં જોડાશે જ્યાં કોરોના મહામારીથી ગુજરાત અને દેશને બચાવી લેવા પ્રાર્થના કરશે.

**ચા ની લારીઓ પર જામતો જમાવડો**

વરસાદી મૌસમનો આરંભ થતાની સાથે જ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ચા ની લારીઓ પર જમાવડો થાય છે. મીના બજાર હોય કે પાટનગર ભવન હોય, સરગાસણ ચાર રસ્તા હોય કે સેક્ટર-૨૧ ની ફૂટપાથ હોય. સવારથી સાંજ સુધી ચા ના શોખીનો ચા પીવા અચૂક પહોંચી જાય છે. બીજા ધંધાઓમાં મંદી ભલે દેખાતી હોય પણ ચા ની ઘરાકી ખૂલી છે.

**'અર્ક' આજનો...**

'ભરોસો' બધાંનો કરવો, પણ સાવચેતી રાખવી ક્યારેક પોતાના દાંત પણ જીભ કચડી નાંખે છે.

# જિલ્લામાં કોરોના સંક્રમણના ત્રીજા તબક્કાની આશંકા

**છેલ્લા ૪ દિવસમાં વધુ ૧૦૦ કેસ નોંધાયા : સઘન સર્વેલન્સ ઉપરાંત નિયંત્રણના પગલાનું અસરકારક અમલીકરણ કરવા માટે કડક તાકીદ : સુયોગ્ય સંકેલન જાળવવા તંત્રને શીખ**

ગાંધીનગર, તા. ૧૦

કોવિડ-૧૯ના સંક્રમણમાં જે ત્રીજો તબક્કા તરીકે ઓળખવામાં આવે છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો તબક્કો ગાંધીનગર જિલ્લામાં શરૂ થઈ ગયો હોવાની આશંકા તંત્ર સેવી રહ્યુ છે.

છેલ્લા ૪ જ દિવસમાં કોરોના સંક્રમણના વધુ ૧૦૦ કેસ નોંધાયા છે તે આ બાબતની પુષ્ટિ કરે છે જો કે તંત્ર હાલ આડકતરો એકરાર જરૂર કરી રહેલ છે.

તાજેતરમાં જિલ્લાની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં પણ આ અંગેની આશંકાને વ્યક્ત કરી અને ચિંતાની લાગણીઓએ કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે બીજા કામો બાજુ પર મુકી સુયોગ્ય સંકલન સાથે નવી રણનીતિ ઘડવા માટેની વિચારણાઓ કરી હતી.

ખાસ કરીને જે ઔદ્યોગિક એકમો છે ત્યાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય, માસ્ક ફરજીયાત પહેરવામાં આવે, કન્ટેનમેન્ટ જોનનું અસરકારક અમલીકરણ, સઘન સર્વેલન્સ તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોનું પાલન અસરકારક કરાવવામાં આવે તે બધી બાબતો પર ભાર મુકવામાં આવ્યો હતો.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે જિલ્લાના ૧૦ થી વધુ વર્ગ-૧ ના અધિકારીઓને ગ્રામીણ વિસ્તારોમાં કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે લેવામાં આવી રહેલા પગલાંઓના અમલીકરણની ચકાસણી માટે ખાસ સૂચનાઓ સાથે મોકલવામાં આવ્યા હતા.

ગ્રામીણ વિસ્તારમાં દવા છંટકાવની કામગીરી સારી રીતે થઈ રહી હોવાનું જાણવા મળેલ છે. જોકે શહેરી વિસ્તારોમાં ભેળવવામાં આવેલ ગ્રામીણ વિસ્તારોમાં દવા છંટકાવ કે સેનીટાઈઝેશનને લઈ કેટલાક પ્રશ્નો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં કોવિડ-૧૯ ના સંક્રમણને નાથવા માટે સેમ્પલીંગની સંખ્યા વધારવામાં આવી છે આ ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં જે કેસો છે તેમનુ મોનીટરીંગ પણ તંત્ર દ્વારા અસરકારક કરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રને ફાસ્ટ ટ્રેકીંગ માટે સર્વેલન્સને વધુ અસરકારક બનાવવા ખાસ ભાર મુકીને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા સર્વેલન્સ માટે જો અન્ય વિભાગના કર્મયોગીઓની જરૂરિયાત હોય તો તે અંગે પણ દરખાસ્ત કરવાના સંકેતો આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

કોવિડના સંક્રમણને નાથવા માટે લોકો સતર્ક બને અને જાગૃતિ આવે તેવા હોર્ડિંગ્સ પણ જાહેર સ્થળો પર લગાવવામાં આવે તે માટે સૂચના અપાઈ હતી તેમજ ખાસ અભિયાન હાથ ધરવા પણ જણાવાયુ હતુ.

આ સંક્રમણને નાથવા માટે કડક પગલાંઓ તેમજ દંડનીય કાર્યવાહી પણ સઘન બનાવવા માટે સૂચનાઓ ઉપરાંત કચેરીઓમાં પણ સ્ટેગરીંગથી કર્મયોગીઓનો ઓફિસ સમય નિયત કરવા માટેની સરકારની સૂચનાનો અમલ થાય તે જોવા પણ જણાવાયુ હોવાનું જાણવા મળેલ છે.

**જિલ્લામાં છેલ્લા ૪ દિવસના કેસો**

| | |
|---|---|
| ૭-૭-૨૦૨૦ | ૨૧ |
| ૮-૭-૨૦૨૦ | ૨૧ |
| ૯-૭-૨૦૨૦ | ૨૮ |
| ૧૦-૭-૨૦૨૦ | ૩૨ |
| કુલ | ૧૦૨ |

ગ્રામીણ વિસ્તારમાં ખાસ હેન્ડવોશ માટેના સ્ટેન્ડ મુકવામાં આવે તે અંગેના અધિકારીઓ દ્વારા સામુહિક પ્રયાસો થાય તેવી સૂચના પણ અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૨ કેસ

**પેથાપુરમાં તબીબી પરિવારના ૫ સભ્યો પોઝિટિવ : સારવાર દરમિયાન વધુ ૧ દર્દીનું મોત : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૪૨ દર્દીઓ હાલ સારવાર હેઠળ : ૧૯,૪૬૬ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના સતત બીજે દિવસે પણ ૨૨ કેસ મળી આવતાં તંત્રના અધિકારીઓએ દોડધામ કરી મુકી હતી. આજે પણ સારવાર દરમિયાન વધુ ૧ દર્દીનું મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી સારવાર દરમિયાન આજે કલોલના એક ૬૦ વર્ષીય દર્દીનું મોત થયું છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૫૬ થવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપે કેસોની સંખ્યા વધી રહી છે અને ડેથરેટ વધી રહ્યો છે તેનાથી તંત્રની ચિંતા બેવડાઈ છે. તંત્ર દ્વારા હવે સઘન સર્વેલન્સ અને ફાસ્ટ ટ્રેકીંગ પર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં પણ કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો તબક્કો શરૂ થયો હોવાનું માનવામાં આવી રહ્યુ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં ગ્રામ્યવિસ્તાર માટે પણ કેટલાક કડક નિયમો લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧ કેસ નોંધાયા છે. જ્યારે કલોલમાં ૭ કેસ, દહેગામમાં ૧ કેસ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના વાસન, પેથાપુર, શાહપુર, કુડાસણ અને સરગાસણમાંથી આ કેસો મળી આવ્યા છે.

પેથાપુરમાંથી તો એક આખો તબીબ પરિવાર કોરોનાની ઝપટમાં આવી ગયો છે. આ આખાય પરિવારને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ તબીબ પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ તબીબ પરિવાર કોરોનાના સંક્રમણમાં સંક્રમિત થતાં નગરજનોમાં પણ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે એટલુ જ નહિ તબીબોમાં પણ ચિંતાની લ્હેર જોવા મળી રહી છે. જો કે પરિવારના તમામ સભ્યોની સ્થિતિ સારી અને સ્થિર હોવાનું જાણવા મળી રહેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૦ કેસ નોંધાયા

**ઈજનેર, માતા-પુત્ર; ગૃહીણી, ઘરકામ કરતી શ્રમિક મહિલા કોરોનામાં સપડાઈ : સે. ૨-ડી માં ૩, સે. ૪ માં ૩, સે. ૨૪, ધોળાકુવા, જીઈબી કોલોનીમાં કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની કુલ સંખ્યા ૨૭૧ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે કોમ્યુનીટી ટ્રાન્સમિશનની સ્થિતિ ઉભી થઈ છે. રોજે રોજ નવા વિસ્તારોમાંથી જે કેસ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે અને આગામી દિવસોમાં કેટલાક કડક અને મહત્વના નિર્ણયો તંત્ર દ્વારા લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો છે તેનાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેનાથી તંત્ર ચિંતીત જરૂર બન્યુ છે. આ માટે ખાસ રોડમેપ બનાવવા માટેની વિચારણાઓ પણ હાથ ધરાઈ હોવાનુ જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સેક્ટર-૨-ડી માં ૩, સે. ૪-એ માં ૧, સે. ૪-સી માં ૧, સેક્ટર-૪-ડી માં ૧, સેક્ટર-૨૪ માં ૧, જીઈબી કોલોનીમાં ૨ અને ધોળાકુવામાં ૧ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ધોળાકુવામાં રહેતી એક ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઘરકામ કરી પરિવારને મદદરૂપ થતી આ મહિલા પોઝીટીવ દર્દીના ઘરે ગૃહકામ કરવા જતી હોવાનું જાણવા મળેલ છે.

આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૨-ડી માંથી વધુ ૩ કેસ આજે મળ્યા છે. આ વિસ્તારમાંથી જ અત્યાર સુધીમાં ૪ કેસ મળી આવતાં ૨-ડી ના રહીશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે એપોલો હોસ્પિટલમાં બાયો મેડિકલ એન્જીનીયર તરીકે નોકરી કરતા ભાઈ અને તેમના વાઈફ બન્નેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પરિવારના ૫ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ દંપત્તિને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત આજ વિસ્તારમાંથી એક ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઘરના ૩ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સેક્ટર-૪-સી માંથી મહિલા અને બાળ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ગ-માર્ગને સિકસલેન બનાવવા ખોદકામ આરંભાયું

**વરસાદી દિવસોમાં માર્ગ વાઇડનીંગ માટે સાઇડમાં ખોદકામ તેમજ મેટલ કામ કરાશે : લોકડાઉનમાં કામગીરી ઠપ્પ થઇ જતા કામની મુદત ૬ મહીના લંબાવાઇ**

ગાંધીનગર તા ૧૦

શહેરના ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે જો કે હાલ વરસાદી



દિવસોને ધ્યાને લઈ માર્ગની બન્ને બાજુએ વાઈડનીંગને અનુલક્ષી ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના અંતે મેટલ કામ પુર્ણ કરાયા બાદ વરસાદી દિવસોના અંતે ડામર કામગીરી શરૂ કરવામાં આવશે કોરોનાકાળમાં લોકડાઉનના લીધે ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જેના લીધે ગ માર્ગને સિકસલેન બનાવવા કામની મુદત પણ લંબાવી દેવામાં આવી છે. આ કાર્યયોજના અન્વયે અંદાજિત ૧૯ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં માર્ગોની સુધારણાનુ કામ વરસાદી દિવસોમાં અટવાયુ છે. વરસાદી પાણી વચ્ચે ડામર કામ થઈ શકે નહી જેથી ચોમાસા બાદ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. અગાઉ કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનના લીધે માર્ગોના રીસરફેસીંગ સહીત વાઈડનીંગની કામગીરી બંધ રહી હતી. શહેરમાં ખ માર્ગને સિકસલેન કરી દેવાયા બાદ નગરના ગ માર્ગને પણ સિકસલેન કરવાની કામગીરી હાથ ધરવમાં આવી હતી જયારે કોરોના કાળમાં લોકડાઉનના લીધે આ કામ ઠપ્પ થઈ ગયુ હતુ હાલ વરસાદી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી બંધ છે.જયારે ચોમાસા દરમિયાન આમપણ ચાર મહીના ડામર કામ પણ કરવામાં આવતુ નથી. શહેરના સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા ઘણાં સમયથી ઠપ્પ થઈ ગઈ છે. જયારે ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ પણ બંધ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આકાશી નઝારો નિખર્યો પણ વરસાદ હળવો આવ્યો

**સાંજે અચાનક જ વાતાવરણ પલ્ટો આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા : હળવા ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી**



ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં વરસાદનો મિજાજ વિચિત્ર જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાદળો રોજબરોજ આકાશી નઝારો બદલે છે. જયારે ધમાકેદાર વરસાદ માટે આતુરતાથી વાટ નિહાળતા નગરજનોની આશા પર પાણી ફરી વળે છે. વરસાદે આજે પણ હળવુ ઝાપટુ વરસાવી હાથતાળી આપી હતી. સાંજે અચાનક જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ગોરંભાયા હતા પરંતુ હળવા ઝાપટા બાદ પવનના સુસવાટા વચ્ચે વરસાદી વાદળો પણ વિખેરાઇ ગયા હતા.

ગાંધીનગરમાં મેઘરાજાના વિચિત્ર મિજાજનો આજે પણ નગરજનોએ અનુભવ કર્યો હતો. શહેરમાં સાંજના સમયે આકાશી નઝારો બદલાયો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો મન મુકીને વરસી પડશે તેવો અહેસાસ કરતા નગરજનો પણ વાતાવરણ પલ્ટાથી ખુશહાલ બન્યા હતા પરંતુ વરસાદી વાયરાનુ પણ જોર વધુ હોવાથી થોડીવારમાં વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા. જો કે પલવાર માટે હળવા વરસાદી ઝાપટાથી ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. નગરના માર્ગો પર વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા હતા. છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે તડકી છાયડીનો માહોલ જોવા મળે છે. શહેરમાં અત્યાર સુધી અંદાજિત ૭ ઈંચ વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં મેઘરાજા મન મુકીને વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં હજુ વરસાદી મોસમ નિખરી નથી વારંવાર આકાશમાં વરસાદી વાદળોનુ આગમન થાય છે.

પરંતુ કાળા ડીબાંગ વાદળોના ઘેરાવ સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી આકાશમાંથી વરસાદી વાદળો પણ વરાળની જેમ વિખેરાઈ જતા નજરે પડે છે. શહેરમાં હજુ સુધી વરસાનો એક પણ ભારે રાઉન્ડ આવ્યો નથી. અલબત્ત અડધા થી એક ઈંચ પાણી ટપકાવીને જ વરસાદી વાદળો સમેટાઈ જાય છે. શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે પરંતુ ચોમાસાની સિઝન જામતી નથી. આજે પણ સાંજના સમયે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. પરંતુ માત્ર માટી ભીંજારો કરી વરસાદ અટકી ગયો હતો દિવસ દરમિયાન નગરજનોએ ઉકળાટનો અહેસાસ કર્યો હતો જયારે સાંજે વાતાવરણ પલ્ટા બાદ ઠંડક પ્રસરી હતી.

# મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક ગુરૂવારે મળશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક આગામી ગુરૂવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠક પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં મળેલ બેઠક પછી મળી રહી હોવાથી તેનુ વિશેષ મહત્વ છે. આ બેઠક માટેનો એજન્ડા જારી કરી દેવામાં આવ્યો છે.

પાંચ-પાંચ બેઠકોથી દૂર રહેનાર કમિશનર આ બેઠકમાં હાજર રહે છે કે નહિ તેને લઈ પણ ચર્ચાઓ મનપાના સંકુલમાં ખૂણે ખાંચરે સાંભળવા મળી હતી.

આ બેઠકમાં સે. ૨૮ના બાલોદ્યાનમાં એમ્યુઝમેન્ટ પાર્ક અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત ડે. મેયર અને ચેરમેનની ગ્રાન્ટમાંથી ૨ હજાર ટ્રી ગાર્ડની ખરીદી માટેના ટેન્ડર પર પણ નિર્ણય લેવામાં આવશે.

સે. ૨૪ માં ફૂટપાથ ગજીબો બનાવવા અંગે પણ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ માટે ૩૫ ટકા જેટલુ નીચુ ટેન્ડર આવ્યુ હોવાથી તે રદ કરવામાં આવે છે કે બહાલી આપવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

લાંબા સમયથી અટકેલા ભરતીના નિયમો આ બેઠકમાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરની હદમાં થયેલા વધારા પછી નવી જગ્યાઓ મંજૂર કરવા માટેની દરખાસ્ત પણ આ સાથે સાંકળવામાં આવી છે એટલે સ્થાયી સમિતિની આ બેઠક મહત્વની બની રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

**લગ્ન વિષયક**

ઔદિચ્ય બ્રાહ્મણ યુવક, ઉ.વ. ૩૦, ઉંચાઈ ૫'-૭'', કુંવારા, ધોરણ-૧૨ પાસ, માસિક આવક રૂ. ૧૫,૦૦૦/-, દેખાવ સારો, રહેવાસી ગાંધીનગર માટે, જ્ઞાતિ બાધ વગર યોગ્ય કન્યા જોઈએ છે.

**સંપર્ક નં. ૯૯૯૮૮ ૯૯૪૯૬**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com